ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ચરોતરમિત્ર



**આણંદનું ખાણ - ખનિજ વિભાગ લાઇન પર આવ્યું | ખનીજ માફિયાઓ પર તંત્રની સર્જિકલ સ્ટ્રાઈક કરી**

# સુંદલપુરામાં મહીસાગર નદીના પટમાં ખનન કરતાં 1.40 કરોડનો મુદ્દામાલ જપ્ત

**ખનીજ માફિયાએ 3** રસ્તા બનાવી રેતીનું ગેરકાયદે ખનન કરતાં હતાં



(પ્રતિનિધિ) આણંદ તા.27

ઉમરેઠ તાલુકાના સુંદલપુરા ગામે મહીસાગર નદીના પટમાં લાંબા સમયથી ચાલતા ગેરકાયદેસર રેતી ખનન સામે તંત્રએ લાલ આંખ કરી છે. કલેક્ટર પ્રવીણ ચૌધરીના સીધા આદેશથી આણંદ ખાણ ખનીજ વિભાગની ટીમે સોમવારે સુંદલપુરાના નદી પટ વિસ્તારમાં આકસ્મિક તપાસ હાથ ધરી હતી, જેમાં મોટા પાયે ગેરકાયદે પ્રવૃત્તિ થતી હોવાનું સામે આવ્યું છે.

આણંદના મદદનીશ ભૂસ્તર શાસ્ત્રીની આગેવાનીમાં ટીમે જ્યારે સ્થળ પર દરોડો પાડ્યો ત્યારે નદીના પટમાં અલગ-અલગ કુલ 3 જેટલા ચટ્ટાઓ (રસ્તાઓ) બનાવીને સાદી રેતીનું ગેરકાયદેસર ખોદકામ અને વહન કરવામાં આવતું હોવાનું ઝડપાયું હતું. તંત્રની આ અચાનક કાર્યવાહીથી ભૂમાફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.તંત્ર દ્વારા સ્થળ પરથી રેતી ખનન માટે ઉપયોગમાં લેવાતા મશીનો અને વાહનો સહિત કુલ રૂપિયા 1.40 કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

હાલમાં ખાણ ખનીજ વિભાગ દ્વારા તમામ સાધનો સીઝ કરી નિયમોનુસાર કાયદેસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહીથી નદીના પટમાંથી કુદરતી સંપત્તિની ચોરી કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે અને આગામી દિવસોમાં પણ આવી કડક તપાસ ચાલુ રહેશે તેવા સંકેતો મળી રહ્યા છે.

**જપ્ત કરાયેલા સાધનોની વિગત**

02 એક્સેવેટર મશીન
04 યાંત્રિક નાવડી
02 ટ્રેક્ટર-ટ્રોલી
કુલ અંદાજિત કિંમત: રૂ. 1.40 કરોડ

# વાસણા(બો)માં ચૂંટણી ટાણે દારૂની લહાણી કરવાનું કૌભાંડ

**કોંગ્રેસના મહિલા** ઉમેદવારના પુત્રએ રિક્ષામાં છુપાવેલો જથ્થો ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) બોરસદ તા.26

બોરસદ તાલુકાની નિસરાયા બેઠક પર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ જામ્યો છે ત્યારે વાસણા (બો) ગામે રાજકીય ગરમાવો તેજ બન્યો છે. આ બેઠકના કોંગ્રેસના મહિલા ઉમેદવારના પુત્રએ જાગૃતિ દાખવીને મતદારોને લલચાવવા માટે સીએનજી રિક્ષામાં લાવવામાં આવેલો વિદેશી દારૂનો જથ્થો ભાંડો ફોડી ઝડપી પાડ્યો હતો. આ મામલે બોરસદ શહેર પોલીસે ત્રણ શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ તેજ કરી છે.

બોરસદના નિસરાયા તાલુકા પંચાયત બેઠકના કોંગ્રેસના ઉમેદવાર કુમુદબેન પરમારના પુત્ર હિતેશકુમાર દિનેશભાઈ પરમારે નોંધાવેલી ફરિયાદ મુજબ, શનિવારે મોડી રાત્રે તેઓ મિત્રો સાથે વાસણા ગામે ઈન્દીરા કોલોની પાસે ઊભા હતા. તે સમયે જીજે. 23 .એયુ. 2335 નંબરની સીએનજી રિક્ષામાંથી કાચની બોટલ પડવાનો અવાજ આવતા તેઓએ તપાસ કરી હતી. આ રિક્ષામાં તપાસ કરતા તેમાંથી 'કાઉન્ટી ક્લબ ડીલક્સ વિસ્કી'ના ૬૫ સીલબંધ ક્વાર્ટર મળી આવ્યા હતા. આ દારૂનો જથ્થો વિરોધ પક્ષના ઉમેદવારના સમર્થનમાં મતદારોને વહેંચવા માટે લાવવામાં આવ્યો હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે.

આ અંગે કોંગ્રેસ ઉમેદવારના પુત્ર અને મિત્રોએ તુરંત જ ચૂંટણીના આસીસ્ટન્ટ ઝોનલ ઓફિસર અને પોલીસને જાણ કરતા તંત્ર દોડતું થયું હતું. પોલીસે ઘટનાસ્થળેથી રૂ. 6045ની કિંમતનો દારૂ અને એક લાખની રિક્ષા મળી કુલ રૂ.1.06 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. જોકે, પોલીસને જોઈ સમીર ગોપાલભાઈ ઠાકોર, દીપક ત્રિકમભાઈ ઠાકોર અને ભરત ત્રિકમભાઈ ઠાકોર અંધારાનો લાભ લઈ નાસી છૂટ્યાં હતાં. આખરે પોલીસે પ્રોહિબિશન અને લોક પ્રતિનિધિત્વ અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# આંકલાવ નગરપાલિકાના કારોબારી ચેરમેન પર હુમલો

**આચારસંહિતાના** પાલનની તપાસ કરવા ગયેલા ચેરમેન અને તેમના મિત્ર પર લાકડીઓ વડે હુમલો

(પ્રતિનિધિ) આંકલાવ તા.27

આંકલાવ તાલુકાના આસોદર-જેસંગપુરા સીમમાં શનિવારની મોડી રાત્રે આંકલાવ પાલિકાના કારોબારી ચેરમેન વિશાલકુમાર રજનીકાંત પટેલ અને તેમના મિત્ર પર હુમલો થયો હતો. આચારસંહિતાના ભંગ અંગે તપાસ કરવા ગયેલા ચેરમેનની ગાડી રોકી તોડફોડ કરી હોવાનું સામે આવ્યું છે.

આંકલાવ નગરપાલિકાના કારોબારી ચેરમેન વિશાલકુમાર પટેલ અને તેમના મિત્ર રાહુલભાઈ મોચી શનિવારે રાત્રે આસોદર વિસ્તારમાં આચારસંહિતાનો ભંગ થાય છે કે નહીં ? તેની તપાસ માટે નીકળ્યા હતા. આ દરમિયાન આસોદરના મનુભાઈ મેલાભાઈ પઢિયાર, કિશન, ધવલ અને જલુ પઢિયાર સહિતના શખ્સોએ તેમની ગાડી રોકી હતી. આ શખસોએ 'તમે અમારા વિસ્તારમાં કેમ ફરો છો?' તેમ કહી ગાળાગાળી કરી લાકડીઓ વડે હુમલો કર્યો હતો.

આ હુમલામાં ચેરમેનની ગાડીના કાચ તોડી નાખવામાં આવ્યા હતા અને તેમને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. ઝપાઝપી દરમિયાન ફરિયાદીના ગળામાં રહેલી સોનાની ચેન પણ તૂટી ગઈ હતી. આ મામલે આંકલાવ પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને જી.પી. એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.

**આણંદ જિલ્લામાં હીટવેવની ચેતવણી | 11 કલાકથી વધુ સમય તેજ તડકો નોંધાયો**

# આણંદમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ:પારો 42.5 ડિગ્રીએ પહોંચ્યો

**ચરોતરવાસીઓ** સૂર્યદેવના આકરા તેવરથી અકળાયા, લૂથી બચવા તાકીદ




(પ્રતિનિધિ) આણંદ તા.27

ચરોતર પંથકમાં ઉનાળો હવે તેના આકરા મિજાજમાં જોવા મળી રહ્યો છે. આણંદ કૃષિ યુનિવર્સિટી સ્થિત એગ્રો-મેટ્રોલોજીકલ ઓબ્ઝર્વેટરી દ્વારા જાહેર કરવામાં આવેલા છેલ્લા 24 કલાકના આંકડા મુજબ, આણંદમાં ગરમીનો પારો 42.5 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જતા લોકો કાળઝાળ ગરમીનો અનુભવ કરી રહ્યા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ચરોતરમાં ગત 24 કલાકમાં લઘુત્તમ તાપમાન 24 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. દિવસે સૂર્યના કિરણો એટલા પ્રચંડ રહ્યા હતા કે કુલ 11.5 કલાક સુધી તેજસ્વી તડકો નોંધાયો છે, જેના કારણે બપોરના સમયે જનજીવન પ્રભાવિત થયું છે અને રસ્તાઓ પર સ્વયંભૂ સંચારબંધી જેવો માહોલ જોવા મળ્યો હતો. આણંદ જિલ્લામાં ગરમીની ઋતુમાં હીટવેવને કારણે જિલ્લાના નાગરિકોને ગરમી સંબંધિત બીમારીઓથી બચવા માટે ખાસ સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે.

વધુમાં, સવારના સમયે હવામાં ભેજનું પ્રમાણ 75% રહેતા ગરમીની સાથે બફારાનું પ્રમાણ પણ વધારે રહ્યું હતું. પશ્ચિમ દિશામાંથી 3.2 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. વરસાદની વાત કરીએ તો છેલ્લા 24 કલાકમાં વરસાદનું પ્રમાણ શૂન્ય રહ્યું છે. આગામી દિવસોમાં પણ ગરમીનો પારો ઊંચો રહેવાની શક્યતાને જોતા જરૂરી સાવચેતી રાખવા સલાહ આપવામાં આવી છે.

## લૂ થી રક્ષણ મેળવવા તંત્ર દ્વારા માર્ગદર્શિકા જાહેર

**વિશેષ કાળજીની જરૂર હોય તેવા વર્ગો:**
નાના બાળકો, સગર્ભા સ્ત્રીઓ, અને વૃદ્ધોની ખાસ સંભાળ લેવી જોઈએ.
**બહાર** કામ કરતા લોકો અને બીમાર વ્યક્તિઓ, ખાસ કરીને જેમને હૃદય રોગ અથવા હાઈ બ્લડ પ્રેશર હોય, તેમને વધુ જોખમ હોવાથી વિશેષ ધ્યાન આપવું.
**જે લોકો** ઠંડા વાતાવરણમાંથી ગરમ વાતાવરણમાં આવ્યા હોય, તેમણે શરીરને ગરમીને અનુકૂળ કરવા માટે એક અઠવાડિયાનો સમય આપવો જોઈએ.

## વ્યક્તિગત સુરક્ષા માટેના ઉપાયો

- ઘરને ઠંડુ રાખવા માટે પડદા, શટર અથવા સનશેડનો ઉપયોગ કરવો અને રાત્રે બારીઓ ખુલ્લી રાખવી.
- દિવસ દરમિયાન શક્ય હોય તો નીચેના માળ પર રહેવાનો પ્રયાસ કરવો અને શરીરને ઠંડુ કરવા પંખા તથા ભીના કપડાનો ઉપયોગ કરવો.
- પુષ્કળ પ્રમાણમાં પાણી પીવું અને એકલા રહેતા વૃદ્ધ કે બીમાર વ્યક્તિઓના સ્વાસ્થ્યનું દૈનિક નિરીક્ષણ કરવું.

**શું ટાળવું જોઈએ? (નિષેધ):**

- બપોરે 12થી 4 વાગ્યા દરમિયાન તડકામાં બહાર નીકળવાનું ટાળવું અને આ સમયગાળામાં સખત શારીરિક શ્રમ ન કરવો. ખુલ્લા પગે બહાર ન જવું.
- ઉનાળાના સૌથી ગરમ કલાકો દરમિયાન રસોઈ કરવાનું ટાળવું .
- રસોઈ વિસ્તારમાં હવાની અવરજવર માટે બારી-બારણાં ખુલ્લા રાખવા.
- પાર્ક કરેલા વાહનમાં બાળકો અથવા પાલતુ પ્રાણીઓને એકલા ન છોડવા, કારણ કે અંદરનું તાપમાન જોખમી બની શકે છે.

**ખોરાક અને પીણાં અંગેની સાવચેતી:**

- આલ્કોહોલ, ચા, કોફી, કાર્બોનેટેડ સોફ્ટ ડ્રિંક્સ અથવા વધુ પડતી ખાંડવાળા પીણાં ન પીવા, કારણ કે તેનાથી શરીરમાં પ્રવાહી ઓછું થાય છે અને પેટમાં ખેંચાણ આવી શકે છે.
- વધારે પ્રોટીનવાળો ખોરાક અને વાસી ખોરાક ખાવાનું ટાળવું જોઈએ.

# આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

## કપડવંજમાં ભારત વિકાસ પરિષદની વાર્ષિક સાધારણ સભામાં નવા હોદ્દેદારોની વરણી

**કપડવંજ |** ભારત વિકાસ પરિષદ કપડવંજ શાખાની વર્ષ 2025-26ની વાર્ષિક સાધારણ સભા લાયન્સ ક્લબ ખાતે ડો. અલ્પેશ જે. રાવલના અધ્યક્ષ સ્થાને ઉત્સાહભેર યોજાઈ હતી. આ સભામાં વાર્ષિક અહેવાલ અને હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા, તેમજ વિશેષ સિદ્ધિ મેળવનાર સભ્યોનું પુષ્પગુચ્છ અને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. આગામી વર્ષ માટે નવા પ્રમુખ તરીકે મનસુખભાઈ વી. વાલાણી અને મંત્રી તરીકે મુકેશભાઈ જે. તલાટીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ પ્રસંગે નવા જોડાયેલા પરિવારોનો પરિચય વિધિ અને મહાનુભાવોના પ્રેરક ઉદબોધન સાથે કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.



## નડિયાદની ઇન્ટરનેશનલ સ્કૂલમાં આંતરરાષ્ટ્રીય ડાન્સર કીરન લાઈનું શાનદાર પર્ફોર્મન્સ યોજાયું



**નડિયાદ |** નડિયાદમાં પોદાર ઇન્ટરનેશનલ સ્કૂલમાં 'બ્રિટન્સ ગોટ ટેલેન્ટ'ના ફાઇનલિસ્ટ અને પ્રખ્યાત ફ્રીસ્ટાઇલ ડાન્સર કીરન લાઈ માટે એક પ્રેરણાદાયી સેશનનું આયોજન કરાયું હતું. કીરને તેમના હાઈ-એનર્જી પર્ફોર્મન્સથી વિદ્યાર્થીઓને મંત્રમુગ્ધ કર્યા અને ગુજરાતની 11 શાળાઓની મુલાકાતના ભાગરૂપે અહીં ખાસ વર્કશોપ યોજ્યો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ આંતરરાષ્ટ્રીય કલાકાર પાસેથી સીધા જ ડાન્સ સ્ટેપ્સ શીખ્યા અને તેમની અનોખી કોરિયોગ્રાફીનો અનુભવ મેળવ્યો હતો. આ મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓને કલાકાર સાથે સંવાદ કરવાની અને પ્રતિભા નિહાળવાની તક મળી હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

## કપડવંજ સેવા સંઘ દ્વારા રૂ. 14 લાખની આધુનિક એમ્બ્યુલન્સ સેવાનો પ્રારંભ કરાયો

**કપડવંજ |** જગન્નાથ પીઠાધીશ સ્વામી દિલીપદેવાચાર્ય મહારાજના હસ્તે કપડવંજમાં સેવા સંઘની નવીન એમ્બ્યુલન્સનું પૂજન વિધિ કરી લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મુંબઈના જનોડ એકડા મેડિકલ ટ્રસ્ટ દ્વારા રૂ. 14 લાખ ઉપરાંતના સીએસઆર દાનથી પ્રાપ્ત થયેલ આ વાન આધુનિક સુવિધાઓથી સજ્જ છે. સેવા સંઘના પ્રમુખ સમીરભાઈ કાંટાવાળા અને સામાજિક અગ્રણીઓની હાજરીમાં શરૂ થયેલી આ સેવા સમગ્ર કપડવંજ પંથક માટે આશીર્વાદરૂપ બનશે. રથયાત્રા પૂર્વે આયોજિત આ કાર્યક્રમમાં અનેક સાધુ-સંતોએ ઉપસ્થિત રહીને નવીન આરોગ્ય સેવાની સુવિધાને શુભકામનાઓ પાઠવી હતી.



## આણંદની સરદાર પટેલ હાઈસ્કૂલ ખાતે 'ગ્રાહક સુરક્ષા પખવાડિયા'ની ભવ્ય ઉજવણી કરાઇ

**આણંદ |** આણંદની સરદાર વલ્લભભાઈ પટેલ હાઈસ્કૂલ ખાતે જિલ્લા ગ્રાહક સુરક્ષા વિભાગના ઉપક્રમે 'ગ્રાહક સુરક્ષા પખવાડિયા'ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થિનીઓએ ગ્રાહક અધિકારો વિશે માહિતી રજૂ કરી હતી અને શિક્ષક સ્ટીવન રોયે ગ્રાહક જાગૃતિનું મહત્વ સમજાવ્યું હતું. શાળાના આચાર્ય યોગેશભાઈ પટેલે વિદ્યાર્થીઓને જાગૃત ગ્રાહક બની સમાજમાં પરિવર્તન લાવવા માટે પ્રેરણાદાયી આહવાન કર્યું હતું. સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ અને કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ પટેલે આ કાર્યક્રમની સફળતા બદલ તમામ સહભાગીઓને શુભેચ્છા પાઠવી હતી.




## બાલાસિનોરમાં પોષણ પખવાડિયા અંતર્ગત 64 બાળકોની આરોગ્ય તપાસણી અને પૌષ્ટિક આહાર વિતરણ



**બાલાસિનોર |** બાલાસિનોરની સંસ્કાર અને જયપ્રકાશ બાલવાડીમાં સરકારી હોમિયોપોથી દવાખાના અને લાયન્સ ક્લબ દ્વારા બાળકોને કુપોષણ મુક્ત કરવાના ઉદ્દેશ્યથી આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજાયો હતો. મેડિકલ ઓફિસર ડો. ભક્તિબેન શેઠ દ્વારા બાળકોના વજન-ઊંચાઈની ચકાસણી કરી એનીમિયા, કૃમિ અને સિઝનલ રોગો માટે જરૂરી દવાઓ તથા આરોગ્ય વર્ધક ટીપાં આપવામાં આવ્યા હતા. લાયન્સ ક્લબ બાલાસિનોર દ્વારા 64 બાળકોને માવા ચિકી અને સીંગ ચિકીનું વિતરણ કરવામાં આવ્યું હતું અને આયુષ કેલેન્ડરના ઉપયોગ અંગે માર્ગદર્શન અપાયું હતું.

## ખેડા એસ.ટી. ડેપોમાં મુસાફરોને રાહત માટે વિનામૂલ્યે છાશનું વિતરણ કરાયું

**ખેડા |** ખેડા એસટી ડેપોના કંડક્ટર મનહરભાઈ ભુવાજી અને પ્રદિપસિંહ ઝાલા દ્વારા મુસાફરો અને સ્ટાફને ગરમીમાં રાહત આપવા અંદાજે 150 લીટર ઠંડી મસાલા છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રશંસનીય સેવાનો લાભ મોટી સંખ્યામાં મુસાફરો અને બસ સ્ટાફે લીધો હતો, જેનાથી કાળઝાડ ગરમીમાં તેમને અંશતઃ રાહત મળી હતી. આ પ્રસંગે ડેપો મેનેજર એફ. એમ. મલેક ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને કર્મચારીઓના આ સેવાકીય કાર્યની ભારોભાર પ્રશંસા કરી હતી. મુસાફરોએ પણ એસ.ટી. સ્ટાફના આ માનવીય અને પ્રશંસનીય અભિગમને બિરદાવ્યો હતો.



## કપડવંજમાં અજીતનાથ અને વાસુપૂજ્ય દેરાસરની 152મી સાલગીરાની ભવ્ય ઉજવણી કરાઇ

**કપડવંજ |** કપડવંજમાં દલાલવાડા મધ્યે આવેલા પ્રાચીન અજીતનાથજી અને વાસુપૂજ્ય દેરાસરની 152મી સાલગીરા નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે સવારે પ્રભાતિયા, ભગવાનનો અભિષેક, સ્નાત્ર પૂજા, ભેદી પૂજા અને ધ્વજારોહણ વિધિ સંપન્ન કરવામાં આવી હતી. રાત્રે ભવ્ય ઓચ્છવનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જૈન સંઘના ભાઈ-બહેનોએ મોટી સંખ્યામાં જોડાઈને પ્રભુ ભક્તિનો લાભ લીધો હતો. આ પાવન પ્રસંગે જૈન સમાજના શ્રદ્ધાળુઓએ દર્શન અને પૂજન અર્ચન કરી ધન્યતા અનુભવી હતી.



## નડિયાદના જિલ્લા ન્યાયાલય ખાતે વિશ્વ પૃથ્વી દિન નિમિત્તે વિશેષ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

**નડિયાદ |** જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અને ન્યાયાલય દ્વારા સામાજિક વનીકરણ વિભાગના સહયોગથી વિશ્વ પૃથ્વી દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. મુખ્ય જિલ્લા ન્યાયાધીશ પરવીન કુમારના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં વિવિધ ન્યાયાધીશો, વકીલો અને અધિકારીઓએ ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે અધ્યક્ષે 100 વર્ષ જૂના સમગ્ર ડિસ્ટ્રીકટ કોર્ટ કેમ્પસને હરિયાળું રાખવા માટે સૌને સતત કાર્યરત રહેવા પ્રોત્સાહિત કર્યાં હતાં. સેક્રેટરી ડી.બી. જોષીની યાદી મુજબ, વનીકરણ વિભાગની ટીમ અને કોર્ટ કર્મચારીઓના સહયોગથી પર્યાવરણ જાળવણીનો આ કાર્યક્રમ સફળ રહ્યો હતો.




## આણંદના મોગરીના કાશીબા સાર્વજનિક દવાખાનામાં સગર્ભા બહેનો માટે પ્રોટીન પાવડરનું વિતરણ કરાયું

**આણંદ |** આણંદના વતની અને હાલ યુએસએ સ્થિત ડો. કિરીટભાઈ દેસાઈ દ્વારા મોગરીના કાશીબા સાર્વજનિક દવાખાનામાં સગર્ભા બહેનોને B-12 ફ્લુઇડ થેરાપી અને પ્રોટીન પાવડર આપવામાં આવ્યાં હતાં. છેલ્લા 75 વર્ષથી કાર્યરત આ હોસ્પિટલમાં હજારો દર્દીઓ નજીવા દરે સારવાર મેળવે છે, જેનાથી પ્રેરાઈને હ્યુસ્ટન (ટેક્ષાસ) સ્થિત ડોક્ટરે આ આર્થિક સહાય પૂરી પાડવાની જાહેરાત કરી છે. ડો. દેસાઈએ ભવિષ્યમાં પણ બહેનો, બાળકો અને સિનિયર સિટીઝનોના સ્વાસ્થ્ય માટે વિશેષ મદદ કરવાની ખાતરી આપી માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. ગ્રામ આરોગ્ય મંડળના પ્રમુખ હર્ષદભાઈ અને ડિરેક્ટર સુનિલભાઈ પટેલે આ સેવાકાર્યને બિરદાવ્યું છે, જ્યારે મંત્રી ચિતરંજનભાઈએ ડોક્ટરનો આભાર વ્યક્ત કર્યો છે.



## આણંદમાં વલ્લભાચાર્ય મહાપ્રભુજીનો 549મો પ્રાગટ્ય મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો

**આણંદ |** આણંદમાં કાકરોલી યુવરાજ વેદાંતકુમાર જી મહોદયની પાવન ઉપસ્થિતિમાં જગતગુરુ વલ્લભાચાર્યજીનો 549મો પ્રાગટ્ય મહોત્સવ અત્યંત ભક્તિસભર રીતે ઉજવાયો હતો. આ પ્રસંગે શહેરના રાજમાર્ગો પર દિવ્ય શોભાયાત્રા નીકળી હતી, જેમાં વૈષ્ણવ ભક્તો અને મહિલાઓ નાચી-ઝૂમી ઉઠતા સમગ્ર વાતાવરણ ચંપારણ ધામ જેવું અલૌકિક બની ગયું હતું. તેઓએ વચનામૃત દ્વારા વૈષ્ણવોને જીવનમાં સ્નેહ, સેવા, સમર્પણ અને શરણાગતિના ગુણો ઉતારી શ્રી વલ્લભનો સંદેશ ફેલાવવા હાકલ કરી હતી. આ કાર્યક્રમ દરમિયાન દ્વારકાધીશ મંદિરમાં પ્રભુની આરતી ઉતારવામાં આવી હતી.



## આણંદ રેલવે સ્ટેશન ખાતે 3જીએ રક્તદાન કેમ્પ અને સ્વાસ્થ્ય પ્રદર્શનનું આયોજન

**આણંદ |** 'આસ્થા' અને વેસ્ટર્ન રેલવે હેલ્થ યુનીટ, આણંદના સંયુક્ત ઉપક્રમે વિશેષ લોકસેવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત આગામી 3જી મે, 2026ને રવિવારના રોજ સ્વૈચ્છિક રક્તદાન કેમ્પ યોજાશે. રક્તદાનની સાથે સાથે લોકોમાં જાગૃતિ લાવવા માટે એક વ્યસનમુક્તિ પ્રદર્શન પણ રાખવામાં આવ્યું છે. આરોગ્ય સેવાના ભાગરૂપે અહીં નિ:શુલ્ક નેત્રનિદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જરૂરિયાતમંદ દર્દીઓને આ કેમ્પમાં રાહતદરે ચશ્મા પણ પૂરા પાડવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમ આણંદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 1 પર આવેલા ઓફિસર્સ ગેસ્ટ હાઉસ ખાતે યોજાશે. આ સેવાનો કાર્યક્રમ સવારે 8-00 વાગ્યાથી શરૂ થઈને બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધી ચાલશે. આ આયોજનનો મુખ્ય હેતુ રક્તની અછતને દૂર કરી જરૂરિયાતમંદોને જીવનદાન આપવાનો છે. આયોજકો દ્વારા 'ચાલો સૌ સાથે મળીને રક્તઅછતનો ખાત્મો કરીએ' તેવો ઉમદા સંદેશ પાઠવવામાં આવ્યો છે. આ સેવાકીય પ્રવૃત્તિમાં જોડાઈને રક્તદાન કરવા માટે આણંદના નગરજનોને હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.